ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૫-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

બિહારમાં બેઉ પક્ષે ગરબડ ગોટાળા

આગામી મહિનાઓમાં આવી રહેલ બિહાર વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ બિહારના પ્રાદેશિક નેતાઓ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેવાની છે. બિહારમાં સમૃદ્ધ જમીનધારક વર્ગ ભૂમિહારોના સહારે ચૂંટણી જંગ જીતવા માગતા નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર કવિ રામધારીસિંહ 'દિનકર'ના તરાપે તરી જવાની કોશિશ કરી છે પરંતુ શત્રુઘ્ન સિન્હા જેવા ભૂમિહાર નેતાને તેઓ સાચવી શકશે કે કેમ એ સવાલ છે. મુખ્યમંત્રી નીતીશકુમાર માટે આ ચૂંટણી એમની કારકિર્દીનું 'વોટરલૂ' પુરવાર થઈ શકે છે. જો તેઓ લોકસભાની જેમ બિહારની વિધાનસભાની ચૂંટણીમાં પણ પછડાટ ખાશે તો રાજકીય ક્ષિતિજે એમનો સૂર્યાસ્ત થઈ જશે, જે મોદી ઈચ્છે છે. આથી નીતીશકુમારે પાણી પહેલાં પાળ બાંધવાના પ્રયાસના ભાગરુપે જુગજૂના વિરોધી રાષ્ટ્રીય જનતા દળના નેતા લાલુપ્રસાદ યાદવ સાથે ગઠબંધન રચીને ભાજપને શિકસ્ત આપવાનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો, અને લાલુ પણ એમને ચારા કૌભાંડમાં થયેલ સજાને પગલે ચૂંટણી નહીં લડી શકવાના હોઈ નીતીશકુમારનો સહયોગ મેળવી બિહારમાં એમનું ખોવાયેલું વજુદ પાછું મેળવવા પ્રયત્નશીલ હતા. પરંતુ જૂના જનતા દળના જુદા પડેલાં ઘટક પક્ષોને એક પ્લેટફોર્મ પર લાવવાની યોજના એના સંયોજક મુલાયમસિંહ યાદવના સ્તરે જ ખોરંભાઈ ગઈ છે. લાલુ અને મુલાયમ વચ્ચે વેવાઈવળોટનો સંબંધ સ્થાપાય પછી આ ગઠબંધન સત્વરે અમલી બનશે એવી અપેક્ષા હતી, એને ઠેકામે પાર્ટીની થિન્ક ટેન્ક ગણાતા રામગોપાલ યાદવે વાંધાવચકા કાઢ્યા છે અને 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી છે. ભાજપ માટે કથિત ગઠબંધનને નડી રહેલ આ 'સમાજવાદી વિરોધ' આશીર્વાદરુપ બની રહ્યો છે. એથી પણ વધુ મોટી મુસીબત નીતીશકુમારની જ કૂટનીતિના પ્યાદા જેવા વચગાળાના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીના નામની સરજાઈ છે. જીતનરામ માંઝી મહાદલિત વર્ગનું પ્રતિનિધિત્વ કરતા હોઈ લાલુ પ્રસાદે એમને મહાગઠબંધનમાં સામેલ કરવા માગતા હતા. નીતીશકુમારે એમના એક સમયના વફાદાર સાથીની બેવફાઈનો કડવો અનુભવ કરી લીધો છે. તેઓ માંઝી સાથે બેસવા તૈયાર નથી તેમ માંઝી નીતીશકુમારના નેતૃત્વ હેઠલ કામ કરવા તૈયાર નથી. માંઝીને મોદીનું ખુલ્લું સમર્થન સાંપડ્યું છે, અને આ બાબત લાલુ-નીતીશનાં જ્ઞાતિવાદી સમીકરણોમાં મોટું ગાબડું પાડી શકે એમ છે. રામવિલાસ પાસવાન પહેલાંથી ભાજપ ('મોદી' વાંચો) ના ખોળે બેસી ગયેલા છે. દલિત-મહાદલિત વચ્ચે તિરાડ ઊભી કરીને નીતીશકુમારે માંઝીનું કાર્ડ ઊતરવાની કોશિશ કરેલી એમાં એમને ભારે પછડાટ સાંપડી છે. આમ, ગઠબંધન રચાય તે પહેલાં જ એની અંતર્નિહિત ખામીઓ મતદારો સમક્ષ ખુલ્લી પડી ગઈ છે. એટલું ઓછું હોય એમ જદ (યુ) વિરુદ્ધ વર્ષોથી ઉગ્રતાપૂર્વક લડતા રહેલા લાલુપ્રસાદના રાષ્ટ્રીય જનતા દળનાં મુખ્યમંત્રીપદ વાંચ્છું 'નંબર-ટુ' નેતા રઘુવંશપ્રસાદ સિંહ આડા ફાટ્યા છે. એમણે નીતીશકુમારને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે આગળ ધરીને ચૂંટણી લડવાની ફોર્મ્યુલાનો ખુલ્લો વિરોધ કર્યો છે. તેઓ ચૂંટણી પરિણામો પછી ધારાસભ્યો જ પોતાનો મુખ્યમંત્રી ચૂંટે, એવું ઈચ્છે છે. ભાજપમાં પણ શત્રુઘ્ન સિન્હા જેવા અસંતુષ્ટ નેતાઓ પોતાની અવગણના થતી હોવાનો બળાપો ઠાલવતા રહે છે. પોતાની પાસે કોઈ 'પદ' નથી પરંતુ જરુર પડ્યે પોતાનું 'કદ' બતાવવાની ચીમકી આપીને શત્રુઘ્નએ મોદીને મૂંઝવણમાં મૂકી દીધા છે. ભર્યા નારિયેળ જેવી સ્થિતિમાં બિહારની ચૂંટણી મોદી-નીતીશ-લાલુથી લઈ ભાજપની સ્થાનિક નેતાગીરીને પોતપોતાની હેસિયત બતાવી દેશે, એવી પ્રવાહી પ્રરિસ્થિતિ સરજાયેલી છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૫૪.૯૮ ટકા પરિણામ જાહેર

વ્યવસાયલક્ષીનું પરિણામ ૭૦.૨૪ ટકા અને ઉચ્ચતર બુનિયાદીનું પરિણામ ૫૮.૦૭ ટકા જાહેર કરાયું : સામાન્ય પ્રવાહમાં ૨૫૬ વિદ્યાર્થીને એ૧ ગ્રેડ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. ચાલુ વર્ષ સામાન્ય પ્રવાહનું ૫૪.૯૮ ટકા જેટલુ નીચુ પરીણામ રહ્યું છે. જે છેલ્લા ૨૧ વર્ષમાં સૌથી નીચુ પરીણામ છે. સામાન્ય પ્રવાહ ઉપરાંત વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનું પરીણામ ૭૦.૨૪ ટકા રહ્યું છે જ્યારે ઉચ્ચત્તર બુનિયાદીનું પરીણામ ૫૮.૦૮ ટકા જાહેર કરાયું છે. માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કુલ ૫,૨૯,૬૬૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૨,૯૧,૨૧૦ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે. એટલે કે સામાન્ય પ્રવાહનું સરેરાશ પરીણામ ૫૪.૯૮ ટકા જાહેર કરવામાં આવ્યું છે રાજયમાં સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લામાં ૭૩.૮૪ ટકા સાથે સુરતે મેદાન મારવામાં સફળતા મેળવી છે જ્યારે સૌથી ઓછુ છોટા ઉદયપુર જિલ્લાનું ૨૦.૦૫ ટકા પરિણામ રહ્યું છે અમદાવાદનું એલીસબ્રીજ અને સુરતનું નાનપુરા ૧૦૦ ટકા પરીણામ સાથે સૌથી વધુ પરીણામ ધરાવતા કેન્દ્રો બન્યા છે. તો દાહોદનું સાગટાળા ૧૧.૮૯ ટકા પરીણામ સાથે સૌથી ઓછુ પરીણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે રાજયમાં કુલ ૧૨૯ શાળાઓનું પરીણામ ૧૦૦ ટકા રહ્યું છે. જ્યારે ૧૪૧ શાળાઓનું પરીણામ ૧૦ ટકાથી ઓછુ રહ્યું છે ૨૫૧ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે તો ૫,૬૧૪ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યા છે. વિદ્યાર્થીઓનું પરીણામ ૪૬.૬૬ ટકા રહ્યું છે જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ ૬૭.૯૭ ટકા રહ્યું છે અંગ્રેજી માધ્યમનું ૮૩.૭૨ ટકા પરીણામ રહ્યું છે તો ગુજરાતી માધ્યમનું સરેરાશ ૫૩.૦૯ ટકા રહ્યું છે પરીક્ષા દરમિયાન કુલ ૫,૧૬૨ વિદ્યાર્થીઓ સામે ગેરરીતીના કેસ દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે ૫૨૩ વિદ્યાર્થીઓને ૫૨૩ ટકા પાર્સિંગ માર્ક સાથે ઉતિર્ણ કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨મી માર્ચ ૨૦૧૫થી સામાન્ય પ્રવાહની પરીક્ષા શરૂ થઈ હતી જેમાં ૫૪૭૮૨૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ૫૧ ઝોનમાં ૪૧૮ પરીક્ષા કેન્દ્રો સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવ્યા હતા. આ પરીક્ષા કેન્દ્રોની ૧૪૮૯ બિલ્ડિંગમાં ૧૭૬૦૦ બ્લોકમાં લેવામાં આવી હતી. તમામ જગ્યાએ સીસીટીવી અને ટેબ્લેટ મુકવામાં આવ્યા હતા. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરીણામ ૨૮મી મેના દિવસે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષા આપનાર ૧,૨૫,૫૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૧,૦૮,૦૭૧ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા હતા. ૧,૮૫૪ વિદ્યાર્થીઓનું પરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યું હતુ. રાજયમાં વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ પરીણામ રાજકોટ જિલ્લાનાં ગોંડલનું૯૯.૭૩ ટકા રહ્યું હતું. જ્યારે સૌથી ઓછુ પરીણામ ૨૧.૯૯ ટકા છોટા ઉદયપુર જિલ્લાનું હતુ. વિજ્ઞાનપ્રવાહમાં ૯૬.૦૧ ટકા પરીણામ સાથે રાજકોટ જિલ્લો પ્રથમ રહ્યો હતો તો ૩૦.૨૭ ટકા પરીણામ સાથે છોટા ઉદયપુર જિલ્લો રાજયમાં સૌથી છેલ્લે રહ્યો હતો.

૨૫૬ને એ૧ ગ્રેડ...

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ભારે ખુશખુશાલ દેખાયા હતા. ચાલુ વર્ષ સામાન્ય પ્રવાહનું ૫૪.૯૮ ટકા જેટલુ નીચુ પરીણામ રહ્યું છે. જે છેલ્લા ૨૧ વર્ષમાં સૌથી નીચુ પરીણામ છે. સામાન્ય પ્રવાહ ઉપરાંત વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનું પરીણામ ૭૦.૨૪ ટકા રહ્યું છે જ્યારે ઉચ્ચત્તર બુનિયાદીનું પરીણામ ૫૮.૦૮ ટકા જાહેર કરાયું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૨,૯૧,૨૧૦ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે. જેમાંથી ૨૫૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળતા મેળવી છે. જ્યારે ૬,૬૧૪ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. ગ્રેડ પ્રમાણે વિદ્યાર્થીઓનું વિતરણ નીચે મુજબ છે.

ગ્રેડ	વિદ્યાર્થીઓની સંખ્યા
એ-૧	૨૫૬
એ-૨	૬,૬૧૪
બી-૧	૨૧,૨૨૬
બી-૨	૪૨,૭૯૪
સી-૧	૬૮,૮૩૮
સી-૨	૮૨,૨૧૦
ડી	૬૮,૫૯૪
અન્ય	૨,૪૬,૦૬૩

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીનીઓનો દબદબો

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાંફરી એક વાર વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ કરતા ચડીયાતી સાબિત થઈ છે. સામાન્ય પ્રવાહનું સરેરાશ પરિણામ ૫૪.૯૨ ટકા રહ્યું છે જેમાં વિદ્યાર્થીઓનું પરિણામ ૪૬.૬૬ ટકા વિદ્યાર્થીઓ ફરી એક વાર સવાઈ ગઈ છે. આ પરીક્ષામાં કુલ ૩,૨૨,૯૩૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાંથી ૧,૫૦,૬૮૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થવામાં સફળ રહ્યા છે એટલે કે વિદ્યાર્થીઓનું સરેરાશ પરીણામ ૪૬.૬૬ ટકા રહ્યું છે તેની સામે ૨,૦૬,૭૩૩ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧,૪૦,૫૨૬ વિદ્યાર્થીઓનીઓ ઉતિર્ણ થવામાં સફળ રહી છે. છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ આગળ દેખાઈ રહી છે. માત્ર સામાન્ય પ્રવાહમાં જ નહીં બલ્કે વિજ્ઞાન પ્રવાહમાં પણ વિદ્યાર્થીનીઓ બાજી મારી રહી છે. વિદ્યાર્થીનીઓ આગળ રહેવા માટે કેટલાક તારણો આપી રહ્યા છે. અંગ્રેજી, ગુજરાતી સહિતના માધ્યમમાં વિદ્યાર્થીનીઓનો દબદબો છેલ્લા ઘણા વર્ષથી વિદ્યાર્થીઓ તોડી શક્યા નથી. આંકડા પરથી સ્પષ્ટ થઈ જાય છે. આ વખતે પણ આવી જ સ્થિતિ વિજ્ઞાન પ્રવાહ-સામાન્ય પ્રવાહ બંનેમાં સર્જાઈ છે.

પરિણામમાં સુધારણાની જરૂરિયાતવાળા વિદ્યાર્થી

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં વિષયની સંખ્યાવાર પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

વિષય	વિદ્યાર્થીઓની સંખ્યા		
૧	૨૯૨૩૯	૬	૧૮૮૭૬
૨	૬૨૭૯૦	૭	૧૫૩૩૮
૩	૫૧૬૪૦	૮	૨૬૩
૪	૩૮૫૫૮	૯	૧૬૩
૫	૨૮૫૧૭	૧૦	૧

માર્ક રેંજ અને ગ્રેડ...

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં માર્કને લઇને હંમેશની જેમ ચર્ચા રહી હતી. સામાન્ય લોકો માર્કમાં ધ્યાન આપે છે પરંતુ હાલમાં ગ્રેડ પદ્ધતિ હોવાથી વિદ્યાર્થીઓને ગ્રેડ આપવામાં આવે છે જેમાં એ૧ ગ્રેડ, એર ગ્રેડથી લઇને ઈર ગ્રેડ સુધી હોય છે. ૨૦ અને તેનાથી ઓછા માર્કની રેન્જ માટે ઇર ગ્રેડ હોય છે. આવી જ રીતે ૯૧-૧૦૦ માર્કની રેંજ હોય તો વિદ્યાર્થીને એ૧ ગ્રેડ આપવામાં આવે છે. જ્યારે ૮૧-૯૦ માર્ક હોવાની સ્થિતિમાં એર ગ્રેડ આપવામાં આવે છે. ગ્રેડ પદ્ધતિમાં માર્ક રેંજ નીચે મુજબ છે.

માર્ક રેંજ	ગ્રેડ
૯૧-૧૦૦	એ-૧
૮૧-૯૦	એ-૨
૭૧-૮૦	બી-૧
૬૧-૭૦	બી-૨
૫૧-૬૦	સી-૧
૪૧-૫૦	સી-૨
૩૩-૪૦	ડી
૨૧-૩૨	ઈ૧
૨૦થી ઓછા	ઈ૨

૪,૫૪૬ વિદ્યાર્થીને ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મળ્યા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. ચાલુ વર્ષ સામાન્ય પ્રવાહનું ૫૪.૯૮ ટકા જેટલુ નીચુ પરીણામ રહ્યું છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં કુલ પરીણામમાં ૪,૫૪૦ વિદ્યાર્થીઓ ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેક મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે વ્યવસાય લક્ષી પ્રવાહમાં ચાર વિદ્યાર્થીઓને ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક આવ્યો છે તો ઉચ્ચત્તર બુનિયાદીમાં બે વિદ્યાર્થીઓ ૯૯થી ઉપરનો પર્સન્ટાઈલ રેન્ક મેળવવામાં સફળ રહ્યા છે. આમ કુલ ૪૫૪૬ વિદ્યાર્થીઓને ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક આવ્યો છે. જેનું વિતરણ નીચે મુજબ છે.

પર્સન્ટાઈલ રેક પ્રમાણે પરિણામ

પર્સન્ટાઈલ રેક	સામાન્ય પ્રવાહ	વ્યવસાલક્ષી પ્રવાહ	ઉચ્ચત્તર બુનિયાદી પ્રવાહ
૯૯થી વધુ	૪,૫૪૦	૪	૨
૯૮થી વધુ	૮,૯૭૭	૨૩	૧૦
૯૬થી વધુ	૧૭,૯૫૬	૫૭	૪૦
૯૪થી વધુ	૨૭,૦૮૭	૧૦૩	૮૫
૯૨થી વધુ	૩૫,૬૭૮	૧૫૮	૧૬૩
૯૦થી વધુ	૪૪,૪૫૪	૨૩૧	૨૩૮
૮૦થી વધુ	૮૯,૨૩૪	૫૪૪	૬૧૨
૭૦થી વધુ	૧,૩૩,૯૯૩	૮૦૦	૯૭૦
૫૦થી વધુ	૨,૨૨,૫૭૮	૧,૧૫૨	૧,૬૦૩
૩૦થી વધુ	૩,૧૧,૨૧૭	૧,૨૮૪	૨,૧૩૫
૨૦થી વધુ	૩,૫૬,૪૭૦	૧,૩૧૮	૨,૩૯૪
૦૦થી વધુ	૪,૪૪,૮૬૬	૧,૩૫૭	૨,૮૦૬

'એમ.એસ.જી' નું ઓહ માય ગોડ : 'બે મિનિટ'નું સાયલન્સ...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

સોશીયલ મીડિયામાં ખાસ કરીને વોટ્સઅપ પર એક મેસેજ વારંવાર આવે છે જે મને, તમને અને અનેકોના વોટ્સઅપ પર કે ફેસબુક પર આવી ચુકેલો છે. આ મેસેજમાં અમુક નંબરો આપવામાં આવેલા છે જે ઈ સીરીઝના છે જેમકે ઈ૧૧૦, ઈ૧૨૦, ઈ૧૪૦ વગેરે વગેરે. દરેક પેકેજડ ફૂડ પર કન્ટેન્ટનું એક લેબલ લગાડેલું હોય છે જેમાં એ ફૂડની ન્યુટ્રીશાન વેલ્યુથી લઈને એ ફૂડની બનાવટમાં શું વપરાયું છે તેનો ટકાવારી મુજબ ઉલ્લેખ હોય છે. આ ઈ સીરીઝના સાંકેતિક નામ એ જે તે ફૂડમાં પશુની કે સુવરની ચરબી છે કે નહિ તે દર્શાવે છે. મેસેજમાં આગળ લખેલું છે કે બિસ્કીટ, ટુથપેસ્ટ, મીઠાઈ, ચોકલેટ, કેક, પેસ્ટ્રી વગેરે વગેરે જેવા રોજીંદા ખોરાકમાં આ ઈ-સીરીઝનું કન્ટેન્ટ વપરાય છે. મતલબ ઉપરોક્ત વસ્તુઓની બનાવટમાં સુવર / પશુઓની ચરબી અથવા એમના હાડકાના ચૂર્ણનો ઉપયોગ થાય છે.

સાચું ખોટું રામ જાણે પણ અહી આ જ જગ્યાએ ૧૧ મેં ૨૦૧૪ના રોજ લખેલો અને વાચકોએ ખુબ વખાણેલો ફૂડ પેકેટ પર છપાતા ખોટા લેબલો અને એમાં રહેલા હાનીકારક તત્વો વિશેનો લેખ આજે ફરી યાદ આવી જાય છે અને એ યાદ આવવાનું એક કારણ તાજેતરમાં થયેલો મેગી નુંડ્લ્સનો વિવાદ પણ છે. ૧૧મી મેં ના એ લેખમાં રોજબરોજની અનેક ખાદ્ય ચીજોમાં લેબલમાં લખેલા કન્ટેન્ટ કરતા જુદી જ વસ્તુઓ જે તે ખાદ્ય પદાર્થની બનાવટમાં વપરાય છે તેનો વિગતવાર ઉલ્લેખ કરેલો એમાં જ મેગી વિષે પણ લખેલું કેઁ મેગીના પેકેટ પર બીજા બધા ઈન્ગ્રીડેંટસની સાથે સાથે એ પંચ ઓફ સોલ્ટ લખેલું હોય છે પણ પૃથ્થકરણના અંતે એક મેગીના પેકેટમાં ૨.૫-૩ ગ્રામ જેટલું મીઠું હોવાનું જાણવા મળ્યું છે જે આપણા શરીરની રોજીંદી મીઠાની જરૂરિયાતના ૬૦ જેટલું છે....ઁ મતલબ જો તમે રોજ એક પેકેટ મેગી ખાતા હોવ તો બાકીના ભોજનમાં મળતા મીઠાને હિસાબે તમારા શરીરમાં જરૂરીયાત કરતા અનેકગણું વધુ મીઠું રોજ જમા થતું જાય જે સરવાળે તમારા લીવર કે કીડનીને જ નુકશાન કરે છે. છે ને ચોકી જવાય એવી વાત?

આ તો એક વર્ષ પહેલા લખેલી વાત છે પણ હવે મેગીમાં હોવું જોઈએ એના કરતા વધુ માત્રામાં લીડ એટલે કે સીસું પણ હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં પેકેજડ અને ઈન્સ્ટન્ટ ફૂડસ કેટલા હેલ્ધી અને ખાવાલાયક છે એનો ફરી એકવાર વિવાદ છેડાઈ ચુક્યો છે. ૧૧મી મેં એ લખેલા લેખમાં મેગી સિવાય બિસ્કીટ, અથાણા, ખાદ્યતેલ, ફરસાણ, મીઠાઈ, ફાસ્ટફૂડ, એનર્જી ડ્રીંક જેવા અનેક ખાદ્ય પદાર્થોની માન્ય સંસ્થા દ્વારા જાંચ થયા પછી એમાં મળેલા હાનીકારક તત્વો વિષે સંસદમાં મુકાયેલા રીપોર્ટને આધાર બનાવીને વિસ્તારપૂર્વક લખેલું છે પણ લાગે છે કે મોટાભાગની આવી ખાદ્યઉત્પાદક કંપનીઓ અને ખાસ કરીને બહુરાષ્ટ્રીય કંપનીઓ એ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરીને, એમને ગુમરાહ કરીને પોતાના ખિસ્સા ભર્યે રાખવાનું ચાલુ જ રાખ્યું છે. મેગી નુડલ્સ પર થયેલો વિવાદ કરતા પર જે તે સરકારે જાહેર કરેલો આ રીપોર્ટ લોકોના સ્વાસ્થ્ય પ્રત્યે આ ઉત્પાદકોએ અચૂક પાળવી જ જોઈએ એવી સભાનતા દર્શાવવા તરફનું પ્રસંશનીય કદમ છે અને લોકોને શ્રેષ્ઠ અને આરોગ્યપ્રદ ખાદ્યપદાર્થો મળી રહે એ જોવું દરેક સરકારો અને સંસ્થાઓનું કર્તવ્ય છે.

ભારતમાં આપણામાંથી મોટાભાગના ખાદ્ય વસ્તુઓના પેકેટ પર લગાડેલા લેબલ પર ધ્યાન નથી આપતા અથવા તો આગળ લખ્યું એમ ઈ સીરીઝ જેવી જીણી જીણી બાબતોની જાણકારીનો અભાવ છે જેને લીધે કોણ જાણે કેટલુંયે સીસું કે બીજા આવા પદાર્થો આપણે ઓહિયા કરતા રહ્યા છીએ. મેગી નુડલ્સ તો તાજો જ દાખલો છે પણ ભૂતકાળમાં આવા અનેક વિવાદો બની ચુક્યા છે, એ વિવાદો સાચા હતા કે ખોટા એનું કોઈ સત્તાવાર કારણ પણ હજુ સુધી જાણવા નથી મળ્યું. કોકની બોટલમાં જીવડું કે પછી પેપ્સીની બોટલમાં કોઈ ગુટકાની ખાલી પડીકી નીકળી એવા સમાચારો ફોટા સહીત અખબારોમાં ઘણી વાર છપાઈ ચુક્યા છે. ૨૦૦૩માં કેડબરીની ડેરી મિલ્ક ચોકલેટમાં વંદો / જીવાત નીકળ્યાના સમાચારે આખા દેશમાં હલચલ મચાવી દીધેલી એ હજુ યાદ જ હશે. કમ્પનીએ સ્પષ્ટતા પણ કરેલી કે ક્યાંક સ્ટોરેજમાં ખામી રહી જવાને કારણે આવું બન્યું હશે પણ કેડબરી પર કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયાનું યાદ નથી જ. ઈવન મેગાસ્ટાર અમિતાભ બ્રાંડ એમ્બેસેડેર હોવા છતાં અને કમ્પનીએ આ બનાવ પછી પેકિંગ માટે લખલૂટ ખર્ચો કર્યો હોવા છતાં ૨૦૦૪માં ફરીથી કલકત્તામાં ચોકલેટમાં જીવાતો નીકળવાનો કિસ્સો ફરીથી બનેલો જ.

ભારતમાં આવેલી મોટાભાગની બહુરાષ્ટ્રીય ફાસ્ટ ફૂડ કંપનીઓ એમ.એસ. જી. મતલબ મોનોસોડીયમ ગ્લુટામેટનો ઉપયોગ કરે છે. આમ તો આ એમ.એસ.જી સ્વાદ વધારવાના નામે સોડીયમની સાથે ભેળવાય છે. ઈન્સ્ટન્ટ ફૂડને લાંબો સમય સુરક્ષિત રાખવા માટે પણ આ દ્રવ્યનો ઉપયોગ થાય છે. આ એમ.એસ.જી.એટલે બીજું કઈ નહિ પણ અજી નોમોટો જ છે. આ એક પ્રકારની સમુદ્રી શેવાળ છે જે મીઠા જેવી જ હોય છે. મોટાભાગે ચાઈનીજ આઈટમ્સ જેવીકે મન્ચુરિયન, નુડલ્સ, ચાઉમીન વગેરમાં એનો વપરાશ વધુ હોય છે. આની મીલાવટથી જે તે વસ્તુ વધારે દિવસો સુધી ખાવા યોગ્ય બની રહે છે, બગડતી નથી અથવા મૂળ સ્વાદ અને સ્વરૂપમાં રહી શકે છે. ચાયનીઝ સિવાય ટમેટો સોસ, બર્ગર પિઝ્ઝા, ચટણી, અથાણું, મેકોની મસાલા વગેરેની બનાવટમાં પણ છૂટથી વપરાય છે. એમ તો કોલ્ડ સ્ટોરેજમાં રહેલી વસ્તુઓ પર પણ આનો છંટકાવ કરાય છે.એમ.એસ.જી.ના વધુ પડતા ઉપયોગથી મગજનું ટ્યુમર, એલર્જી, શરીર પર લાલ ચિન્હો, માથાનો દુખાવો જેવા રોગો થઈ શકે છે અને એથી જ જગતના મોટાભાગના દેશોમાં આના ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ પર પ્રતિબંધ છે અઠવ તો નિયંત્રિત વપરાશની જ છૂટ છે કારણકે એનો વધુ ઉપયોગ મનુષ્યની કીડનીને ગંભીર નુકશાન પહોચાડી શકે છે પણ હમારે હિન્દુસ્તાનમાં એની પર કોઈ પ્રતિબંધ નથી જેનો આ રીતે લાભ લેવાય છે.

અમદાવાદ સ્થિત કન્જયુંમર એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીએ લગભગ ૧૫ જેવી બ્રાન્ડનું પોતાની રીતે પોતાની લેબમાં ટેસ્ટીંગ કર્યું. એમનો ટેસ્ટીંગ કરવાનો ઈરાદો એ જ હતો કે આ બધી બ્રાન્ડના પેકેજસ ફૂડમાં લખ્યા મુજબ માત્રામાં પદાર્થો જેવા કે સોડીયમ, ફાઈબર, કેલ્શિયમ વગેરે છે કે નહિ ? પરીક્ષણના અંતે મોટાભાગની બ્રાંડ ખોટું બોલતી આઈ મીન લખતી પકડાઈ. ખાસ કરીને નુડલ્સ કે જેનો બાળકોમાં વધુ વપરાશ છે અને હવે તો નુંડ્લ્સને બધી ઉમરના લોકોના ખોરાક તરીકે પ્રમોટ કરાય છે ત્યારે પરીક્ષણ કરાયેલા મોટાભાગના નુડલ્સમાં લખ્યા કરતા ઓછી માત્રામાં સ્વાસ્થ્ય વર્ધક કન્ટેન્ટ મળ્યા. ઈન્સાઈટ મેગેજીનમાં આના પરિણામો પબ્લીશ થયા છે એ મુજબ સોડીયમ ૮૨૧મિગ્રા.(૧૦૦ ગ્રામે) જોવા મળ્યું જે બ્રિટીશ ફૂડ સેફ્ટી એજન્સી એ આપેલા આંકડા કરતા ઉંચો આંકડો છે, એ જ રીતે ફાઈબર કન્ટેન્ટ એટલીસ્ટ ૬ ગ્રામ હોવું જોઈએ એના કરતા પણ ઓછું જોવા મળ્યું. વેજીટેબલ આટા નુડલ્સમાં વેજીટેબલની ન્યુટ્રીશન વેલ્યુ પણ લખ્યા કરતા ઓછી જોવા મળી છે. સરવાળે બસ દો મિનીટની આ મજા જો લગાતાર અને વધુ માત્રામાં લેવામાં આવે તો નુકશાનકારક બને એ વાત ચોક્કસ.

જરૂરી નથી કે એમ.એસ.જી. જ આ બધા દુખાવાનું કારણ છે અને એવું સાવ ક્યાય સાબિત પણ નથી થયું પણ આગળ લખ્યું એમ સતત અને વધુ વપરાશ આવી ઉપાધિઓ નોતરી શકે છે એ પણ હકીકત છે ને હકીકત એ પણ છે કે એમ.એસ.જી. સર્વત્ર છે, સચરાચર... બચ કે જાઓગે કહા??? આગળ કહ્યું એમ મોટાભાગની ચાયનીઝ ખાદ્યપદાર્થોમાં આ હોય જ છે, ક્યાંક સ્વાદ વધારવાના નામે તો ક્યાંક ફ્લેવર વધારવાના નામે . જો કે ખાલી ચાયનીઝ ફૂડઝને જ દોષ દેવો નકામો છે કેમકે પ્રોસ્સેસ્ડ, પેકેજડ અને રેસ્ટોરન્ટમાં મળતી ડીશોમાં પણ આનો છૂટથી ઉપયોગ થાય જ છે. એમ.એસ.જી. ફૂડની ફ્લેવરમાં વધારો કરવા વપરાય છે પણ અમુક ફૂડ પદાર્થો જ એવા છે કે જેમાંથી નેચરલી એમ.એસ.જી. મળતું હોય છે. જેમકે બટેટા, વટાણા, ટમેટા, ટમેટો જયુસ, મશરૂમ, દ્રાક્ષ અને દ્રાક્ષનો જયુસ વગેરે.આ ઉપરાંત પાર્મેસન અને રોક્વેફોરટ પ્રકારના ચીઝમાં પણ કુદરતી રીતે એ.એસ.જી.છુટું પડે છે અથવા હોય છે. પણ એટલે એવું નથી કે આ બધું બંધ કરી દેવું પણ તમારી આ ફૂડઝને ખાવાની માત્રા પર એ.એસ.જી.નો પ્રભાવ નિલ